# *Weddings among the Patidars*

**Gangaben Patel**

*Editor's Note: This article is in Gujarati. It was originally written in 1964. It has been scanned from* વીસમી સદીનું ગુજરાતી નારીલેખન (*"Vees-mi Sadee-nun Gujarati Nari-lekhan", 20th Century women's writing in Gujarati). Nikhil Desai has provided this brief description of the article.*

Gangaben Patel (1890-1972) wrote this essay "Dharmaj" (a village) in 1964. She describes how a young bride was brought to her new home, what she brought with her, and the customs of greeting her. She says she was only nine when she came to Dharmaj, implying that's when she got married. She describes various jewelry pieces in detail.

Toward the end, she writes "Because of these customs, if a girl arrived in a poor home, she was just returned. A quarter's worth of opium, and she went from the womb to the earth."

She also describes how sometime in the 1860s her caste group had passed, under her grandfather's lead, some reforms limiting the cost of marriage to a girl coming from a particular "six village" grouping (and presumably marrying in those villages). Then she mentions how this in turn led to some families looking for brides outside those six villages and collecting more money than they were allowed under their caste group's rules.

A few months ago, I heard my mother say that in the caste group we belong to, "Girls could marry into the village, but not could marry out." I asked her if this was because of a shortage of girls. She said, "Who knows? Back then, people wanted to keep an eye on their daughters after they were married, and make sure they were treated well or else complain to the caste council."

# 7
# ગંગાબહેન પટેલ
1890-1972

## ધર્મજ

હું ધર્મજ પહેલી આવી ત્યારે ફક્ત નવ વર્ષની જ હતી. મારી સાથે એક જીવી નામની બાઈ આવી હતી. જીવી મારા મોસાળમાં મારાં નાનીનાં વડસાસુ સાથે બાળવયમાં દાસી તરીકે આવી હતી. તે આખા કુટુંબનાં દીકરી કે ભાણેજની સાથે તેમને સાસરે એક બે વાર જતી તે પ્રમાણે મારી સાથે આવેલી. મારી ઉમર નાની અને અજાણ્યું ઘર એટલે મારી દુનિયા જીવીમાં જ સમાઈ ગઈ હતી. રાત્રે સુવરાવે ત્યારે જીવી પથારી પાસે બરડે હાથ ફેરવી સમજાવે કે હવે આપણે બે ત્રણ દિવસમાં જ પાછાં જઈશું.

અમારી ન્યાતમાં વહુ પહેલી આવે ત્યારે રથમાં બેસીને આવે. એ રથનાં પૈડાંમાં છબલકિયાં અને ચારેય બાજુ નાની ઘંટડીઓ ટાંગેલી હોય અને ઉપર સુંદર ઓઢા અને પિત્તળના મોગરા હોય. એને ચાર પૈડાં ને વચમાં બે સાંધાની ધરી હોય. ઉપર માંચી ને પાટીથી ભરેલી પાટ હોય તેમાં મોટું પોચું ગાદલું અને ઉપર ચાદર પાથરેલી હોય. મોટો માણસ લાંબો થઈને સૂએ તો સૂઈ શકે એટલો લાંબો અને પલંગ કરતાં જરા પહોળો એ રથ જ્યારે પડદાથી ઢાંકી દેવામાં આવે ત્યારે ગમે તેવો ઉનાળાનો તાપ પણ એમાં લાગે નહિ. રથના બળદ પણ મોટા ને સોહામણા હોય. એના ઉપર પણ ઓઢા ઢાંકેલા હોય અને ગળામાં મોટી ઘુઘરમાળ પહેરાવી દીધેલી હોય જેથી રથ ચાલે ત્યારે મોટી ઝાલર વાગતી હોય એવો અવાજ થતો. રથ ગામમાં પેસે ત્યારે એના મોઢા આગળ ભૂંગળ વગાડવામાં આવતી અને આગળ મશાલથી અજવાળું કરવામાં આવતું. આ રથ સાથે એક ગોર, એક વાળંદ, બે રાવણિયા, એક હાંકેડુ હોય અને કન્યા સાથે બાઈ હોય એટલે સરવાળે એકી સંખ્યા થાય. બાઈ રસ્તામાં કન્યાને સુવાડે, વાતો કરે, તાપના દિવસ હોય તો પંખો નાંખે, રસ્તે વિસામો કરે ત્યાં પહેલું નીચે પાથરણું પાથરીને કન્યાને ઉતારે. એને પાણી નાસ્તો બધું કરાવ્યા પછી બીજાં બધાં ખાવા બેસે અને તે પણ જરા છેટે જઈને. ઘર આવવાનું થાય ત્યારે કપડાં બદલાવે, વાળી કે બંધી કાઢી નાખ્યાં હોય તો પહેરાવે.

આવી લાડકોડ પામતી કન્યા સાસરાના આંગણામાં આવતાં જ બૈરાં વહુને જોવા આવે. છોકરાંનાં ટોળાં, બાળાઓ, જુવાન, આધેડ અને ઘરડાં બધાં જ વહુ જોવાને ટોળે વળે. વહુનું મોઢું જોવાને સહુ એટલાં ઉત્સુક રહેતાં કે નવી વહુ બિચારી અકળાઈ જતી.

વહુ આવે ત્યારે 'પતાસાં' વહેંચવાનો રિવાજ હોવાથી બાળકો અને વસવાયાંની ભીડ વધી પડતી. આટલો મોટો સમારંભ જેને માટે કરવામાં આવતો તે વહુના દાગીના, રૂપ વગેરેની પ્રશંસા કે નિંદા એની સામે જ શરૂ થતી. આવા આનંદ અને આશ્ચર્યભર્યા વાતાવરણમાં બિચારી નાની બાળા ખરું પૂછો તો અર્ધી મુંઝાઈ જતી. હમણાં રડી પડાશે એવું એને લાગ્યા કરતું.

મારા સારા નસીબે મારાં સાસરિયાં તે જમાનામાં પણ સમજદાર હતાં. એટલે મારી આજુબાજુ ભેગા થયેલા ટોળાને વિવેકથી બાજુએ ખસેડી મને મારાં વડસાસુ અને એમનાં જેઠાણીએ સાચવી લીધી હતી તે હજુ પણ ભૂલાયું નથી.

નવી વહુને નવરાવવા, તેનું માથું ગૂથવા તથા તેને કપડાં પહેરાવી ચાંલ્લો સેંથો પૂરવાનું કામ વાળંદણને કરવાનું હોય. એ બધી ક્રિયા પછી સવારમાં હાજરી (નાસ્તો) કરાવીને દાગીના અને સારાં કપડાં પહેરાવી વહુને ઘરમાં બેસાડે.

એક રિવાજ એવો પણ હતો કે પરણી આવેલી વહુને ભાઈ પિત્રાઈને ત્યાં તેમ જ વહુનાં સગાંસંબંધીને ત્યાં જમવા જવાનું નોતરું આપે. આવાં નોતરાં દિવસમાં બેત્રણ પણ હોય. વહુનાં સગાંઓ એને રૂપિયા આપે. આ જમણથી એટલું કંટાળાય કે ખાવાનું નામ પડતાં પેટમાં ધ્રાસકો પડે. જમવામાં મોટે ભાગે દાળ ભાત, એક શાક, પાપડ અથાણું ને ચૂરમું કે કંસાર હોય. જમવા બેસવાને પાટલો આપવાનો રિવાજ નહિ હોવાથી ઘરમાંથી એક છાયલ કે ચંદ્રકળા પહેરવા આપે. નવી સાડી કહાડીને યજમાનના ઘરનો જાડો, પાતળો, નવો કે જૂનો સાડલો પહેરવો પડે. આપણને આ કંટાળાજનક લાગતું. જમ્યા પછી સોપારી કે કંઈ પણ મોંમાં નાંખવાને આપવાનો જરા પણ રિવાજ નહિ. ફરસાણ કરવાનો રિવાજ નહિ. અને ઘર ઘરના જુદાં જુદાં રાંધણાંની રસોઈ ખાવાથી માંદગી નોતરવા સમાન લાગે.

હાથમાં ત્રણ નંગ છંદનાં, એક શિવલિંગીયું, એક કંગણી, એક સોનાનું ગોળ ઘાટનું વાઘમોઢાનું કડું અને આગળ કાંડિયું જેમાં એક મણકો લીલા કાચનો સોનેરી લાઇનવાળો ને એક સોનાનો ફૂલવાળો, અંદર લાખ ભરેલો. ચાંદીના જાડા વાળામાં એ મણકા પરોવેલા હોય અને આગળ આંકડો હોય. આ પછી પોંચાંસાંકળાં જેમાં પાંચે આંગળીમાં પહેરવાની વીંટીઓને સોનાની સાંકળીથી એક મોટા પેન્ડન્ટ જેવા ચકતામાં જડેલી હોય અને એ ચકતામાંથી જોડેલી પહોંચી કાંડામાં બાંધવાની. કોણી ઉપર બેરખી, ઘૂઘરી કે વાંક પહેરવાનો હોય. જમણા હાથમાં કડું હોય. કાનમાં નંગ જડેલા કાપ, એની હમણાં પહેરાય છે એવી જડતરની મોતી લટકતી સેરોને વાળમાં ખોસવાની. કાનની નાની બુટ્ટીમાં કાણું પાડી તેમાં કોકરવું પહેરાવે. આ કોકરવું જડતરવાળું ને મોતી લટકાવેલું હોય. કાનમાં ઉપર ચાર કાણાં પાડેલાં હોય. ત્યાં ત્રણ પાંદડી જડતર ને મોતીવાળી પહેરાવે ને ચોથા કાણામાં નખલી જે જડતર ને મોતીવાળી અર્ધચંદ્રાકાર જેવી હોય તે પહેરાવે અને કોઈને તો પાંચમું કાણું પણ હોય અને તેમાં મોતીની છેલકડી પહેરાવે.

ગળામાં તૂસી, કાળી ગાંઠી, ચેનમાળા જે સાત સેરની હોય તે, પછી જવમાળા બે

સેરની હોય. પછી કાંઠલી જેમાં અર્ધી ગીની જેવાં ચકતાં લટકાવેલાં હોય. (હમણાં ઘાટણો પહેરે છે એને મળતાં જ.) આ કાંઠલી ખૂબ લાંબી હોય. આ બધાંની વચમાં મોટાં ચકતાં હોય જ. પછી માથા ઉપર બંધી (દામણી) બાંધે અને નાકમાં મોટી વાળી પહેરાવે. વળી વધારે શ્રીમંત ઘરની કન્યા હોય તો બંધી સાથે સીંકાં હોય જે લગભગ ચારથી પાંચ તોલા કરતાં પણ વધારે વજનવાળાં હોય તે બંધીમાં ભેરવી બન્ને લમણાં ઢાંકી દે.

આ પછી આવ્યો પગનો વારો. પગમાં તોડા લંગર લગભગ સો, સવાસો તોલાનાં હોય. એના ઉપર સાંકળાં. એ પણ લગભગ સો તોલાનાં તો હોય જ! તેના ઉપર અઠાસિયાં. એ કડલાં, તેની ઉપર ઝીણી ભાત હોય અને ઝીણી ઘૂઘરીના ગોટા મૂકી એક છેડા ઉપર ઘૂઘરા બાંધેલા હોય, જેનું વજન નાખી દેતાં પણ બધું મળીને ત્રણ રતલથી ઓછું ન હોય. આ પછી આવી આંગળી અને પગના પહોંચા. એમાં પગપાન પહેરાવે એનો ઘાટ પહોંચાં-સાંકળાં જેવો જ હોય પણ વજનમાં લગભગ પચાસ તોલા હોય. આ બધા જ દાગીના પહેરીને જવું પડે. આ સોનારૂપાની બેડી આજથી સાઠ વર્ષ ઉપર હતી. આટલા વજનથી પૂરું ન થતાં એક નવી ચીજ ઉમેરાય. કીનખાબનો ઘાઘરો પહેરવો પડે. આ ઘાઘરાને મોટાં મોળિયાં હોય અને એની ધાર ઉપર ચાંદીની ઘૂઘરી ટાંકેલી હોય તે આસરે ચાલીસ પચાસ તોલાથી ભાગ્યે જ ઓછી હોય.

આમાં કાંઈક ઓછું હોય તો સાસરિયાંને ઓછું આવતું અને પોતાના ભાઈ પિત્રાઈમાં નીચું દેખાયું એમ માની લેવાતું. કોઈક અતિલોભી સાસરિયાં તો વહુના દાગીનામાંથી થોડા કાઢી પણ લે. આટલો બધો દાગીનો બધાંને તો ક્યાંથી હોય? એટલે ભાઈ પિત્રાઈનો માગીને પણ પહેરાવેલો હોય. ઓચિંતો વેવાઈનો હાથ ફરી વળે તો બાપડાને જવાબ આપવાનું ભારે પડે.

આવો હતો એ કાળ. પણ એક વાત હતી કે આવી રીતે વેવાઈએ કાઢી લીધેલા દાગીનાની જેનો દાગીનો હોય તે ઉહાપોહ કરતાં નહિ. આસ્તે આસ્તે એનો રસ્તો થતો. પરંતુ આવા મોટા ને ખોટા રિવાજને લીધે આર્થિક સંકડામણવાળાને ઘેર કન્યા આવે તો એને પાછી જ મોકલવામાં આવતી. પાવલીના અફીણથી બિચારી એક ઉદરથી આવી બીજા ખાડામાં જતી. આ પાપનો ભાર ધરાથી સહન નહિ થયો હોય, તેથી લગભગ આજથી સો વર્ષ પૂર્વે ડાકોરમાં એક પાટીદારોનું સંમેલન ભરાયું અને મારા દાદા શંકરભાઈ તુળશીભાઈ પટેલે એનું પ્રમુખપદ લઈ અનેક ઠરાવો કરાવ્યા હતા. એમાંનો એક ઠરાવ એ હતો કે કોઈ પણ છ ગામની કન્યા હોય તો તેની પરઠણ 301 રૂપિયા જ ભરવી અને તેમાંથી એકસો એક કન્યાને વસંતમાં આપવા. માટલાં અમુક જ કરવાં, જાન ત્રણ જ દિવસ રાખવી વગેરે. ત્યાર પછી સ્વ. મોતીભાઈ અમીને પેટલાદ બોર્ડિંગમાં ભણતા યુવાનોને તૈયાર કર્યા ને જાન બે દિવસની ઠરાવી. પણ લોભ તો પારા જેવો છે. પારકું લેવા ટેવાયેલા પાટીદારોએ છ ગામ બહારની કન્યાઓ લેવા માટેની ફી મોટી કરી નાંખી અને તે અત્યારે તો પરાકાષ્ઠાએ પહોંચી ગઈ છે અને કપડાં દાગીનાની મર્યાદા જ નથી રહી.

'સ્મૃતિસાગરને તીરે' (1964)